## દાનહની બાલવાટિકા સાસાયટીની ૧૬૦ છોકરીઓના શિક્ષણ માટે ભંડોર ભેગુ કરવા માટે

# મહારાષ્ટ્રના ભાંડુપથી સેલવાસ સુધી બાઇક રેલી યોજાઇ



(દ.ગં.ટા. પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** મહારાષ્ટ્રના આર્કિટેક્ટોએ કન્યાઓના શિક્ષણ માટે ભંડોળ એકત્ર કરવા માટે મુંબઈથી સેલવાસ સુધી બાઈક રેલી તા. ૧૨મી ફેબ્રુઆરીના રોજ સવારે ૭ : ૦૦ વાગ્યેથી ભાંડુપ સ્થિત સીઅમેસીની હેડ-ઑફિસથી નીકળી હતી અને સવારે ૧૧ : ૩૦ વાગ્યે સેલવાસમાં કંપનીની ૯મી એવન્યુ ગેલેરી ખાતે સમાપ્ત થઈ હતી. આ પ્રવૃતિએ સમાન વિચારધારા ધરાવતા વ્યક્તિઓને ભેગા કર્યા જેઓ ખુલ્લા રસ્તા પર ટુ-વ્હીલ પર ફરવાનું પસંદ કરે છે. રેલીમાં ભાગ લેનારા દરેક આર્કિટેક્ટ માટે, સીએમસીએ દાદરા અને નગર હવેલીમાં આવેલી બાલવાટિકા સોસાયટીની ૧૬૦ છોકરીઓના શિક્ષણ માટે ભંડોળ પૂરું પાડવા માટે અઘોષિત રકમનું દાન કર્યું હતું. ભારતીય મોટરસાઈકલ રાઈડર્સનો કાફલો પણ રાઈડ પર આર્કિટેક્ટો સાથે જોડાઈને કારણ તરફ સમર્થનના પ્રદર્શન કર્યો હતો. એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ છોકરીઓ માટે તદ્દન નવી, સંપૂર્ણ સજ્જ કોમ્પ્યુટર લેબ બનાવવા માટે કરવામાં આવશે. એક સમર્પિત શિક્ષક-મંડળ તેમને સંભવિત રોજગાર તકો માટે કૌશલ્ય બનાવવા માટે કોમ્પ્યુટર શીખવાની મૂળભૂત બાબતોમાં તાલીમ આપશે. સીએમસીના મેનેજિંગ ડિરેક્ટર અમિત શાહે જણાવ્યું હતું કે આ પહેલમાં અમારી સાથે જોડાયેલા આર્કિટેક્ટો અને રાઇડર નો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.